ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૨ ટકા

ગાંધીનગર તાપમાન

ઘ-૫ ખાણી-પીણી બજારમાં અસામાજીક તત્વોનો આતંક

ટેબલ-ખુરશીની તોડફોડ કરી વેપારી-કારીગરને માર મારી ફરીયાદ ન કરવા ધમકી આપી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના પ્રખ્યાત ખાણી-પીણી બજાર ઘ-૫ ખાતે રાત્રીના સમયે અસામાજીક તત્વોએ આંતક મચાવ્યો હતો. રાત્રીના ૧૦.૩૦ના સુમારે જમવાનું ના મળતા આ તત્વોએ ટેબલ-ખુરશીની તોડફોડ કરીને બેનર પણ ફાડી નાંખ્યા હતા. જયારે વેપારી-કારીગરને ગડદા-પાટુનો માર માર્યો હતો. તે ઉપરાંત વેપારીને પોલીસ ફરીયાદ કરીશો તો જાનથી મારી નાંખીશ તેમ કહી તત્વો ભાગી ગયા હતા. બનાવ અંગે વેપારીએ પોલીસ ફરીયાદ નોંધાવતા ગુનો નોંધી પોલીસે અસામાજીક તત્વોને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેકટર-૨૬ પ્લોટ નં.૧૧૧૮-૧ ખાતે રહેતા અશોકભાઈ તૈલી પોતાના પરિવાર સાથે રહે છે. અશોકભાઈ ઘ-૫ ખાણીપીણી બજાર ખાતે સ્ટોલ નં-૨ માં અમરશકિત ફાસ્ટફુડના નામે નાસ્તાનો વેપાર કરે છે. ફરીયાદી ગત તા.૩ ના રોજ રાત્રીના સમયે સ્ટોલ નં-૬૩ ખાતે પોતાના મિત્ર સાથે બેઠા હતા. તે સમયે તેમના કારીગર દુર્ગેશનો ફોન આવ્યો હતો, અને જણાવ્યું હતું કે એક ભાઈ આપણી દુકાને આવ્યા છે અને હાલ જમવાનું માંગે છે જેથી મેં તેમને દુકાન બંધ થઈ ગઈ હોવાનું કહેતા તે મને જેમ ફાવે તેમ ગાળો બોલી રહ્યા છે, જેથી તેમ તાત્કાલીક આપણી દુકાને આવો. જેથી દુકાને આવીને મેં જોયુ તો કારીગરને એક શખ્સ ગાળો બોલતો હતો. મેં નજીક જઈને દુકાન બંધ થઈ ગઈ છે અને ગાળો બોલવાની ના પાડીને ઘરે જતા રહેવા માટે સમજાવ્યો હતો. ત્યારબાદ થોડા સમયમાં અસામાજીક તત્વો આવી પહોંચ્યા હતા અને ગમે તેમ ગાળો બોલતા હતા. જેથી અશોકભાઈએ ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાઈને તત્વોએ ભેગા મળીને ગડદા-પાટુનો માર માર્યો હતો. જયારે ફરીયાદીને છોડાવવા માટે વચ્ચે પડતા કારીગર અને ફરીયાદીના ભાણીયાને પણ માથાના ભાગે ઈજા પહોંચી હતી. ત્યારબાદ ફરીયાદ કરશો તો જીવતા નહી રહેવા દઉં તેવી ધમકી આપી તત્વો ભાગી ગયા હતા. વેપારીએ સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે અસામાજીક તત્વોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે ખાણીપીણી બજારમાં ધમાલ મચાવનાર રાકેશ મેલાજી ઠાકોર પહેલા ખાણી-પીણી બજારમાં આવેલી દુકાનોમાં કામ કરતો હતો.



શ્રી સમસ્ત બ્રહ્મસમાજ , યુવા પાંખ તેમજ મહીલા મંડળ દ્વારા શ્રી રામ મંદિરના ભુમિપુજનના પવિત્ર અવસરે સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિર ખાતે ભવ્ય આરતી અને દિવ્ય દિવડાઓની હારમાળા કરવામાં આવી હતી. આ તબક્કે યુવા પાંખના કીષ્ના રાવલ , બાલકૃષ્ણ જોષી, ચંદ્રીકાબેન રાવલ, વિમળાબેન અયાચી જ્ઞાનદેવી ઉપાધ્યાય, જયશ્રીબેન ખેતિયા મહામંત્રી નરેશ દવે , ચેતન રાવલ, કમલેશ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. સોસિયલ ડીસ્ટન્સીંગ જાળવીને શ્રાવણના પવિત્ર મહીનામાં ભોળાનાથી ભવ્ય આરતી કરવામાં આવી હતી જયારે રામ મંદિરના ભુમિપુજનને અનુલક્ષીને મંદિર સંકુલમાં દિવ્ય દિવડાઓનો જગમગાટ પણ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરના કુડાસણ ટી.પી. નં. ૬ ખાતે સરકારે રાહત દરે ફાળવેલ મકાન (ફ્લેટ) શ્રી શ્યામાપ્રસાદ મુખર્જીનગર (ગુડા) દ્વારા જાહેર રસ્તામાં રોડ ઉપર ગેરકાયદેસર ઓરડી બનાવી કચરો ભરવામાં આવે છે અને રોડ ઉપર કચરાના ઢગલાં કરવામાં આવેલ છે. જેના કારણે આજુબાજુના રહીશોને ભારે હેરાનગતિ અને પરેશાની વેઠવી પડે છે. ગંદકીના કારણે જાહેર રસ્તા ઉપર ઢોર ઊભા રહેતા હોઈ રાહદારીઓને પણ જાનનું જોખમ રહે છે તેમજ મચ્છરોનો ઉપદ્રવ રહે છે. ગેરકાયદેસર ઓરડી દૂર કરી કચરાના નિકાલ માટેની કાયદેસર કાર્યવાહી કરવા રહીશોની માંગણી છે. ઓરડી અને કચરાના ઢગલાંના તસવીરમાં દેશ્યમાન થાય છે.

અડાલજ-ડભોડા પોલીસના હાથે ૯ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૯

મળતી વિગત મુજબ ડભોડા પોલીસના જવાનો જ્યારે પેટ્રોલીંગમાં હતા તે સમયે તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે લીમ્બડીંયા જવાના માર્ગ પર બહુચર સર્વિસ સ્ટેશનની બાજુમાં જુગાર રમતા ચાર જુગારી ડભોડા પોલીસના હાથે પકડાઈ ગયા છે. પોલીસે પકડેલા જુગારીઓમાં પ્રહલાદજી હીરાજી ઠાકોર ઉં.૬૦, પ્રકાશ ચિમન ગાંધી ઉં.૨૬, ઈશ્વર શનાજી ઠાકોર ઉં.૨૬, સતદેવ વૈજનાથ સિંહ ઉં.૩૫, તેમજ અરુણ ગોપાલ હરી ઉં.૪૧ નો સમાવેશ થાય છે. પોલીસે દાવ પરથી રૂ.૩૭૦ તેમજ રોકડા રૂ.૯૪૦ મળી કુલ રૂ.૧૩૧૦ જપ્ત કરી પોલીસે તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે. જુગારીઓમાં મહોબતજી બેચરજી ઠાકોર ઉં.૩૫ ઠાકોર વાસ લીમ્બડીયા, ગામના પટેલવાસમાં રહેતા હિતેશ કનુભાઈ પટેલ ઉં.૪૨, મિલન પરબતજી ઠાકોર અને શૈલેષ મહોબતજી ઠાકોર ઉં.૨૯ નવાઘરોમાંનો સમાવેશ થાય છે. જુગારીઓની અંગ જડતી દરમિયાન પોલીસને ૧૩,૧૬૦, દાવ પરથી ૧૩૭૦ તેમજ મળી કુલ રૂ.૧૪૫૩૦ જપ્ત કરી તમામ સામે જુગારધારા મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

લાયોનેસ કલબ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે અનાજની કીટનું વિતરણ

લાયોનેસ કલબ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે સે-૨૦, કુડાસણ અને ઈન્ફોસિટી વિસ્તારના જરૂરીયાતમંદ પરિવારોને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં દાળ , ચોખા, લોટ અને તેલ સાથે કીટ બનાવેલ હતી. સેવા કાર્ય માં લાયોનેસ બહેનોનો સહયોગ રહ્યો હતો. કાર્યકમમાં પ્રમુખ મીતલ રાણા તથા સેક્રેટરી સ્વાતિ ગોરની સાથે હંગર કેર કમીટીના ચેરમેન રીટાબેન સોલંકી તથા ભૂતપૂર્વ પ્રમુખ મીનાબેન પટેલ, પ્રજ્ઞાબેન ઠકકર, મીનાબેન ત્રિવેદી, નિતીકાબેન શાહ, ડિમ્પલબેન દેસાઈ, દક્ષાબેન જાદવ તથા કલબના સભ્યો નીતા રાણા, પરમજીત છાબડા, ગીતાબેન પટેલ ખાસ હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, પરમજીત છાબડા તરફથી માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સેકટર-૨૬ જીઆઈડીસીમાંથી બાઈક સાથે કુરિયરના ૪૫ પાર્સલની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરની સેકટર-૨૬ જીઆઈડીસી વિસ્તારમાંથી બાઈકની ચોરી થવા પામી છે. કુરીયર આપીને પરત આવીને જોયુ તો કુરીયર બોયનું બાઈક ચોરી થઈ હોવાનુ ધ્યાને આવ્યું છે. બાઈક સાથે ચોર ઈસમ કુરીયરના ૪૫ પાર્સલ પણ લઈ ગયો હતો. બનાવ અંગે ઈમરાનખાન સિપાઈની ફરીયાદ નોંધી ચોર ઈસમોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ માણસા તાલુકાના ઈટાદરા ગામનો વતની ઈમરાનખાન સાહેબખાન સિપાઈ છેલ્લા ૯ વર્ષથી સરગાસણ શરણ રેસીડન્સી ખાતે આવેલી કુરીયર કંપનીમાં નોકરી કરે છે. સવારના સુમારે ઈમરાન બાઈક લઈને કુરીઅર આપવા માટે સેકટર-૨૬ જીઆઈડીસી ઈ-૬૫ ખાતે ગયા હતા. કુરીયર આપીને પરત ફરે ત્યાં સુધીમાં તો બાઈક નં.જી.જે.૧૮.સી.જી.-૨૨૬૧ ગાયબ હતું.બાઈકની સાથે ચોર ઈસમ અન્ય નાગરીકોને આપવાના કુરીયર પણ લઈ ગયો હતો. કુરીયર બોય દ્વારા તાત્કાલીક આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી, પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. ત્યારબાદ પોતાની રીતે શોધખોળ કરવા છતા બાઈક ના મળી આવતા બનાવ અંગે યુવકે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે બાઈક શોધવા માટે તપાસ શરુ કરી છે.

શહેરમાં એક તરફ કોરોના વાયરસ સંક્રમણના કેસો દિન પ્રતિદિન વધતા જઈ રહ્યા છે અને બીજી તરફ વરસાદી સીઝનને કારણે મૌસમી બિમારી પણ માથું ઉંચકી રહી છે. સ્વચ્છતા અંગે શહેરમાં અનેક સ્થળે બેદરકારીની સ્થિતિ જોવા મળે છે જેના કારણે રોગજન્ય જીવાણુઓ જેવા કે માખી-મચ્છર વગેરેનો ઉપદ્રવ પણ ખૂબ વધી રહ્યો છે. આ સ્થિતિમાં સેકટર-૧૭ના 'ચ' ટાઈપ આવાસોના બ્લોક નં. ૧૭૨ અને ૧૭૩ની પાસે ગટર ઉભરાવાની સમસ્યા પેદા થવા પામી છે. જેના કારણે આ રહેણાંક આવાસોના રહીશોની હાલત વધુ કફોડી બની છે. ગટર ઉભરાવાને કારણે દુર્ગંધયુકત દૂષિત પાણીથી રહીશો ત્રસ્ત બન્યા છે તે સાથે રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ વધી જવાથી અહીં રહેતા પરિવારોના સ્વાસ્થ્ય પર ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે જેથી સત્વરે આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે તેવી રહીશોની માંગ પ્રવર્તી રહી છે.

ચિરવિદાય

- સ્વ. ચૌધરી પ્રહલાદભાઈ બેચરભાઈ, ઉ.વ. ૫૮, મુ. લીમ્બોદરા, તા. માણસા
- સ્વ. ચોલંકી જ્ઞાનપ્રકાશ કનુભાઈ, ઉ.વ. ૩૯, સેકટર-૫, ગાંધીનગર
- સ્વ. મધુબેન પોપટભાઈ વાઘરી, ઉ.વ. ૫૫, મુ. દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. પારેખ રમેશભાઈ સોમાભાઈ, ઉ.વ. ૫૬, ગામ-સુઘડ, તા. ગાંધીનગર
- સ્વ. સુરેશભાઈ અંબાલાલ વાઘેલા, ઉ.વ. ૫૫, ગામ-મકાખાડ, તા. માણસા
- સ્વ. પટેલ પ્રવિણભાઈ મગનભાઈ, ઉ.વ. ૫૧, ઓરાણ, તા. પ્રાંતિજ, સા.કાં.
- સ્વ. જયંતિભાઈ રામાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૦, મુ. ભાન્ડુ, તા. વિસનગર

સામાન્ય સંજોગોમાં દાખવેલી 'બેદરકારી'નો તણખો અસામાન્ય 'દુર્ઘટના'ની આગ બનશે...!!

બૈરૂતના વિસ્ફોટથી માંડીને બોપલમાં તુટતી પાણી ટાંકી હોય કે સુરતના કોચીંગ કલાસથી માંડીને શ્રેય હોસ્પિટલની આગ હોય, દરેક દુર્ઘટનાના મૂળમાં સાવચેતી અને સલામતી બાબતે દાખવેલી 'બેદરકારી' જ જવાબદાર હોય છે

ગાંધીનગર, તા.૯

વર્ષ ૨૦૨૦ આંકડો એટલે કે 'ટવેન્ટી-ટવેન્ટી' જેટલો સોહામણો લાગે છે તેટલું આ વર્ષ સોહામણું લાગ્યું નથી કેમકે જે અપેક્ષાઓ અને ઉત્સાહથી આ વર્ષનું સ્વાગત કર્યું હતું તેની સરખાણીએ આ વર્ષમાં અનેકવિધ એવી પરિસ્થિતિઓ પેદા થવા પામી છે જેના કારણે હવે તો સોશ્યલ મિડીયા પર સૌ કોઈ આ વર્ષ જલ્દી પુરું થાય તેવી પ્રાર્થના કરતા ટૂચકાં કરવા લાગ્યા છે. આ વર્ષે ખાસ કરીને કોરોના વાયરસ સંક્રમણની મહામારીએ સમગ્ર વિશ્વનું જનજીવન પ્રભાવિત કર્યું છે પરંતુ તેની સાથે સાથે વાવાઝોડા-પુર-ધરતીકંપ જેવી કુદરતી હોનારતો સહિત અનેક દુર્ઘટનાઓના સમાચાર પણ એક પછી એક ચમકી રહ્યા છે. તાજેતરમાં અમદાવાદની શ્રેય હોસ્પિટલમાં સર્જાયેલી આગની કરૂણાંતિકા હોય કે લેબેનોનની રાજધાની બૈરૂતમાં થયેલો વિસ્ફોટ હોય, કેરલમાં એર ઈન્ડિયાના વિમાનની દુર્ઘટના હોય કે ફિલ્મ-ટેલિવીઝન ક્ષેત્રે મનોરંજન પુરું પાડવાનું કામ કરતા કલાકારોની આત્મહત્યાઓ હોય એક પછી એક બનતી ઘટનાઓના કારણે સામાન્ય માનવીથી લઈને સત્તાધીશો સુધી સૌ કોઈ ચિંતિત બન્યા છે. જો કે આગ વિસ્ફોટ કે તે પ્રકારની કોઈ પણ દુર્ઘટના હોય તેનું જો બારીકાઈથી અવલોકન કરશો તો એક તથ્ય જરૂર જાણવા મળશે કે આ પ્રકારની દુર્ઘટનાઓ પાછળ લાંબા કે ટૂંકા ગાળાની માનવીય બેદરકારી જવાબદાર હોય છે પછી તે વહીવટીતંત્ર દ્વારા

લાગ્યું એવું લખ્યું
સમીર રામી

દાખવવામાં આવેલ બેદરકારી હોય કે નાગરિકો દ્વારા સામુહિક કે વ્યકિતગત રીતે દાખવેલ બેદરકારી હોય અને ભારતમાં તો કાયદાકીય રીતે લાગુ પાડવામાં આવેલી નાની-મોટી સાવચેતી કે સુરક્ષાલક્ષી જોગવાઈઓને એટલી સિફતપૂર્વક અવગણવામાં આવે છે કે તેના કારણે આ દેશ નાગિરકોની બેજવાબદારી ભરી 'અક્ષમ્ય' બેદરકારીઓથી ખદબદતી એક મોટી વસાહત જેવો બની જવા પામ્યો છે.

એવું નથી કે માનવીય બેદરકારી માત્ર ભારતમાં જ જોવા મળે છે, બૈરૂતમાં થયેલ વિસ્ફોટ એક ગોડાઉનમાં છ વર્ષથી જેટલો નાઈટ્રેટ સોડિયમ જેવા જોખમી કેમિકલના ૨૭૫૦ ટન જેટલાં જથ્થાંને ગેરકાયદેસર રીતે ભરી રાખ્યો હતો અને તેની બાજુમાં જ ફટાકડાંની ફેકટરી હતી તેવી ગંભીર અને અક્ષમ્ય બેદરકારીના કારણે થયો હોવાનું તારણ પ્રાપ્ત થયું છે. આવી અસંખ્ય માનવીય બેદરકારીયુકત દુર્ઘટનાઓ વિશ્વના અનેક દેશોમાં સર્જાતી રહે છે. અમદાવાદમાં શ્રેય હોસ્પિટલમાં લાગેલી આગ ભલે શોર્ટ સર્કિટના કારણે લાગી પરંતુ તે દુર્ઘટનાને વરવું સ્વરૂપ પ્રાપ્ત થયું હોસ્પિટલ દ્વારા ફાયર સેફટી બાબતે સેવેલી ઉપેક્ષા અને ખોટી રીતે ઉભી કરી દીધેલી કેન્ટિનના કારણે હોવાનું જાણવા મળ્યું છે. માત્ર શ્રેય હોસ્પિટલની નહી પરંતુ ગત વર્ષે સર્જાયેલી સુરતના કોચીંગ કલાસમાં લાગેલી આગની દુર્ઘટના હોય કે મુંબઈમાં તુટી પડેલ ફુટઓવરબ્રીજ હોય, ભાવનગર પાસે જાનૈયાઓ ભરેલી ટ્રકનો અકસ્માત હોય કે બે પેસેન્જર ટ્રેનોના સામ સામે અથડાવાની ઘટના હોય. આવી તમામ દુર્ઘટનાઓ પાછળ કોઈને કોઈ પ્રકારની માનવીય બેદરકારી જેને આપણે અંગ્રેજીમાં 'ટેકન ફોર ગ્રાન્ટેડ' કહીએ છીએ તેવી રીતે અવગણી હોય છે તે જવાબદાર હોય છે. થોડા સમય પહેલા કેદારનાથ ખાતે અતિશય વરસાદને કારણે સર્જાયેલી ભૂસ્ખલનની દુર્ઘટના પહેલી નજરે કુદરતી આપત્તિ સમાન ભાસતી હતી પરંતુ પાછળથી અનેક સંશોધન સંસ્થાઓ તથા પર્યાવરણ અંગે કાર્યરત સંસ્થાઓના અવલોકનમાં તે વિસ્તારમાં આડેધડ રીતે આપવામાં આવેલી ખાણ-ખનીજ અંગેની લીઝ તથા તે કંપનીઓ દ્વારા ગેરકાયદેસર રીતે કરવામાં આવેલું ખનન જવાબદાર હોવાનું તારણ રજુ કર્યું હતું. અરે દરિયાઈ સપાટીથી ઘણે ઉંચે વસેલા કાશ્મીરમાં આવેલું પુર કે બનાસકાંઠા જેવા વિસ્તારમાં આવેલું પુર પણ ગેરકાયદેસર દબાણો જેવી માનવીય બેદરકારીના કારણે વરવું બન્યું હોવાનું તારણ પણ પ્રાપ્ત થયેલું છે. ભોપાલમાં ગેસ લીકેજ હોય કે મોરબીમાં તુટેલો ડેમ હોય, અમદાવાદના કાલુપુરમાં ધસી પડેલું ત્રણ માળનું મકાન હોય કે ખોખરા પાસે જુના ખખડધજ સરકારી આવાસો હોય, બૈરૂતથી માંડીને બોપલમાં તુટી પડેલી પાણીની ટાંકી માત્ર અને માત્ર સાવચેતી અને સુરક્ષા માટેની જરુરી જોગવાઈઓના પાલન પ્રત્યે કરવામાં આવેલા આંખ મિચામણાં એટલે કે બેદરકારી જ જવાબદાર છે.

ગુજરાતનું પાટનગર ગાંધીનગર જયારે વસાવાયું ત્યારે તેના સિટી પ્લાનને જોઈ કોઈ પણ કહી શકે કે આ એક આધુનિક આદર્શ નગર વ્યવસ્થા બની રહેશે અને જડબેસલાક પ્લાનીંગ સાથે વિકસાવાયેલા આ શહેરમાં માત્ર ૫૫ વર્ષમાં જ એવી હાલત છે કે સેકટર-૨૪ સહિતની કેટલીક વસાહતોમાં જો કોઈ આગ લાગે તે ફાયર બ્રિગેડનું નાનું વાહન પણ તે આગ બુઝાવવા અંદર પ્રવેશી ના શકે કે કોઈ એમ્બ્યુલન્સ પણ અંદર જઈ શકે તેમ નથી. આવી સ્થિતિ સર્જાઈ કેવી રીતે? હાલમાં જ ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવાયેલા વાવોલના કોઈ વડીલને પુછો તો કહેશે કે વાવોલની આસપાસના ખેતરોમાં ભરાતું વરસાદી પાણી ગાંધીનગરના સેકટર-૧૨ થી લઈને સેકટર-૮ને વહાવતું સાબરમતીમાં ભળી જતું હતું આજે આ પાણીનો આ કુદરતી રસ્તો તો અવરોધાઈને અદૃશ્ય થઈ ગયો છે પરંતુ તેની કોઈ વૈકલ્પિક વ્યવસ્થા પણ આપણે વિકસાવી શકયા નથી. આવી જ હાલત ગાંધીનગરના કુડાસણ સહિતના અન્ય વિસ્તારોમાં છે અને એટલે જ તો આ વિસ્તારોની જુની સોસાયટીઓમાં જરાક અમથા વરસાદમાં ઢીંચણ સમા પાણી ભરાઈ જતા વાર નથી લાગતી. આપણે દુકાન કે શૉરૂમ આગળની ફુટપાથ પર પહેલા નાનું બોર્ડ મુકી શરૂઆત કરી ધીરે ધીરે શેડ તાણી પછી આખે આખી ફુટપાથને દુકાનમાં સમાવી લેતાં અચકાતા નથી. કોમર્શિયલ કોમ્પ્લેક્ષના બેઝમેન્ટમાં વધારાની દુકાનો કે ટેરેસ પર ગેરકાયદેસર રેસ્ટોરેન્ટ ઠોકી બેસાડીએ છીએ. કોઈ એપાર્ટમેન્ટમાં રેઈનવૉટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ કાર્યરત હશે તેતો રામ જાણે પરંતુ પાર્કિંગ કે ફાયર સેફટી પણ જે કાગળ પર દર્શાવી હોય છે તેમાં અને હકીકતમાં જમીન-આસમાનનો તફાવત હોય છે. અરે રહેણાંક સોસાયટીની કયાં વાત છે, ગાંધીનગરની સરકારી સિવિલ હોસ્પિટલ જેનું હજુ તો હમણાં જ નવીનીકરણ પણ કરાયું છે છતાં તેની પાસે ફાયર સેફટીનું એનઓસી સુધ્ધાં નથી. આપણે ત્યાં ગટર ચેમ્બરોના ઢાંકણા તુટેલાં જોવા મળે છે અને તે પાછા ઘણા સમય સુધી બાજુમાંથી તોડેલી ઝાડની ડાળીથી આપણને ચેતવતા હોય છે. આવી તો અસંખ્ય અને અક્ષમ્ય બેદરકારીઓને આપણે 'ટેકન ફોર ગ્રાન્ટેડ' લીધે રાખીએ છીએ કેમકે તે બેદરકારીઓ અટકાવવાની જેની જવાબદારી છે તે વહીવટી તંત્ર તેના ખિસ્સામાં પડતી ગુલાબી નોટોના કારણે ઝડપથી લાલ સેરો મારવાનું ભુલી ભુરી પેનથી લીલી ઝંડી આપી દેતાં સ્હેજ પણ ખચકાતું નથી, પછી ભલેને સમયાંતરે શોક કાલીમા છવાતી રહે...!! યાદ રાખજો કે પહેલાં દાખવેલી બેદરકારીનો તણખો લાંબે ગાળે આગ બની ભસ્મીભૂત કરી રહ્યો છે, હવે તો સુધરવું જરુરી બને છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com